ફરિયાદ દાખલ તારીખ : ૧૮/૧૦/૨૦૨૨
રજીસ્ટર કર્યા તારીખ : ૧૮/૧૦/૨૦૨૨
નિકાલ કર્યા તારીખ : ૨૭/૦૧/૨૦૨૩
સમય અવધિ : વર્ષ– માસ– દિવસ

सत्यमेव जयते

---

મહેરબાન શિહોરીના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.શિહોરી.

---

ક્રિમી.કેસ.નંબર : ૨૩૪૬/૨૦૨૨
આંક :–૧૨

ફરિયાદી :– શ્રી સરકાર.

વિરુદદધ

આરોપી :– જયપાલસિંહ ઉર્ફે જય હરપાલસિંહ ઝાલા
રહે. થરા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબ...

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી. એ.એચ.પટેલ
આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આઈ.વાઘેલા

---

## –:: ઠ રા વ ::–

---

(૧)... ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના જાત કબજા ભોગવટામાં દેશીદારૂ લીટર–૦૬ કિંમત રૂા.૧૨૦/–નો ગે.કા. અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર મળી આવી, પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા બાબતે આ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨)... આ કામના આરોપીને સમન્સ બજતાં તેના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પૂરી પાડેલ છે અને આંક–૦૪ થી તહોમતનામું

ફરમાવામાં આવેલ છે અને આંક–૦૫ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલા છે. જેમાં, આરોપીએ તેના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી, ઉપરોકત ગુના સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩)... ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| **મૌખિક પુરાવો...** | | **આંક...** |
| (૧) | ફરિયાદી દેવશીભાઈ લક્ષ્મણભાઈની જુબાની | ૧૦ |
| (૨) | પંચસાહેદ ઝેણુભા હવુભા વાઘેલાની જુબાની | ૦૭ |
| (૩) | પંચસાહેદ ગોવિંદસીંગ નાનુભા વાઘેલાની જુબાની | ૦૯ |
| **દસ્તાવેજી પુરાવો...** | | **આંક...** |
| (૧) | પંચનામુ | ૦૮ |
| (૨) | ફરિયાદ. | ૧૧ |

(૪)... ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ના હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના રેડ અંગેના પંચસાહેદોએ સમર્થન આપેલ નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જેથી, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

(૫).. ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે પોતાના જાત કબજા ભોગવટામાં દેશીદારૂ લીટર–૦૬ કિંમત રૂા.૧૨૦/– નો ગે.કા. અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમિયાન હાજર મળી આવી, પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭)... ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

-:: કા ર ણો ::-

(૮).. મુદ્દા નંબર-૧ અને ૨..

આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા ફરિયાદપક્ષે આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામાં દેશીદારૂ પ્રોહી મુદ્દામાલ ગે.કા. અને વગર પાસ પરમીટનો રાખી વેચાણ કરતા મળી આવેલ હોવાનું પુરવાર કરવું પડે અને આ બાબત પુરવાર કરવા ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આ કામના ફરિયાદીને તપાસેલ છે જેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે કે, બનાવ સમયે પોલીસ સ્ટાફના માણસો થરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે ફરતા ફરતા અઘગામ ગામે તળાવની પાળ પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે અઘગામ ગામની પાળ ઉપર બાવળોની ઝાડીમાં જયપાલસીંહ ઉર્ફે જય હરપાલસીંહ ઝાલા થરા વાળો દેશીદારૂ રાખી વેચાણ કરે છે જે બાતમી હકિકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી સદરહુ જગ્યાએ રેઈડ કરતા એક ઈસમ બાવળના ઝાડ નીચે થેલો લઈને બેઠેલ હતો જેને પકડી પાડી નામઠામ પુછતાં તેણે પોતાનું નામ જયપાલસીંહ ઉર્ફે જય હરપાલસીંહ ઝાલા રહે.થરા વાળો હોવાનું જણાવેલ અને પંચો રૂબરૂ તેની પાસેના થેલાની ઝડતી તપાસ કરતા દેશીદારૂ લીટર-૦૬ કિંમત રૂા.૧૨૦/-ગે.કા. અને વગર પાસપરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જે મુદામાલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ અને બાકીના મુદ્દામાલનો સ્થળ પર જ નાશ કરેલ. આરોપીને બાદમાં અટક કરેલ અને આ બાબતે ફરિયાદીએ ફરિયાદ આપેલી હતી. આમ, ફરિયાદીના પુરાવા પ્રમાણે બનાવ સમયે ફરિયાદીની સાથે પંચસાહેદો હતા અને પંચોની હાજરીમાં જ મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી કરવામાં આવેલી છે. પરંતુ, પંચસાહેદોનો પુરાવો જોતાં પંચસાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકતો જણાવેલ છે જે બાબત સાથે પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ખરેખર આ કામના પંચસાહેદો ની હાજરીમાં આરોપી મળી આવેલ નથી. તથા આરોપીના કબજા ભોગવટામાંથી દેશીદારૂ વિગતે પોલીસે પંચો રૂબરૂ કબજે કર્યાની હકીકત શંકા ઉપજાવે છે.

(૯)... વધુમાં, આ કામે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેઓ ઉલટતપાસમાં પોતાની સરતપાસની હકીકતને વળગી રહેલ છે. આ કામે પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય, તેમ છતાં, કોઈ સાહેદોના નિવેદન કે પુરાવો રજૂ કરવામાં ન આવે ત્યારે આ બાબત

ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરે છે આ કામે મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદો છે જેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી એવી કોઈ હકીકતો પોતાની જુબાનીઓમાં જણાવેલ નથી અને ફકત તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતો જણાવેલ છે ત્યારે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના સમર્થન ફરિયાદી પોલીસ સાહેદનો પુરાવો કે જેમાં પણ વિસંગતતા અને શંકા જણાય છે તેને ઘ્યાને લઈ, તેમજ આ કામે આરોપી હાજર મળી આવેલ નથી. તથા આ કામના આરોપીના કબજા ભોગવટા વિશે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. તેવા સંજોગોમાં હાલના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી સદરહુ મુદ્દામાલ મળી આવેલ હોવાનું ફલિત થતુ નથી. તેમજ, આ કામે ફરિયાદી દવારા મળી આવેલ મુદ્દામાલ દેશીદારૂ હોવાનો પુરાવો રજૂ કરવા અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આ કામના આરોપી દેશીદારુ બનાવતા હોવાનું તથા આરોપીના પોતાના કબજા ભોગવટામાં દેશીદારૂ રાખેલ હોવાનું પણ શંકાસ્પદ જણાય છે ત્યારે આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલાનું માની શકાય નહીં.

(૧૦). વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય, ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશન પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં અને ફરિયાદપક્ષમાં રહેલ આવી શંકાનો લાભ આરોપીની તરફેણ માં આપવાનો હોય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો સાથે આ કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોતાં આરોપી પાસેથી પાસ પરમીટ વગર દેશીદારૂ વગેરે મુદામાલ મળી આવેલ હોવાનું પુરવાર થતુ નથી. આમ, જે પુરાવા રજૂ છે તેનાથી આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવો ન્યાયના હિતમાં યોગ્ય જણાય છે અને તેથી મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ લગત નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) ક્રિમિ.પ્રોસી.કોડ૧૯૭૩ની કલમ-૨૪૮(૧)અન્વયે, આ કામના આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯૪૯ની કલમ-૬૫ એએ મુજબ શિક્ષાનેપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ પ્રોહીનો અપીલ સમય બાદ નાશ કરવો. તથા સદર હુકમની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

(૩) આરોપીના અગાઉ રજૂ થયેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવામાં આવે છે.

(૪) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટમાં અપીલ થવાના સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭ (એ) મુજબ છ માસ માટે આરોપીને રૂા.૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : શિહોરી
તા.૨૭/૦૧/૨૦૨૩

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
જયુ. મેજી.ફર્સ્ટ કલાસ, શિહોરી.
કોડ નં જી.જે ૦૧૨૭૮